અરવલ્લી જિલ્લા પંચાયતના રાજકારણમાં ગરમાવો

કોંગ્રેસમાંથી ચુંટાયેલા બે સભ્યો ભાજપમાં જોડાતા કોંગ્રેસમાં ભુકંપ : ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રમુખ અને મંત્રી શંકરભાઈ ચૌધરીની હાજરીમાં વિધિવત રીતે બન્ને સભ્યો ભાજપમાં જોડાયા

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)
મોડાસા, તા.૩૦

હાલમાં યોજાયેલ લોકસભા અને વિધાનસભા ની ચુંટણી માં જનતા એ કોગ્રેસ તરફથી મોઢુ ફેરવી લીધુ હોય તેમ કોગ્રેસ નો એક પછી એક રાજયોમાંથી રકાસ થઈ રહયો છે ત્યારે આ જોતાં તો વડાપ્રધાન મોદી કોગ્રેસ મુકત ભારત નુ મિશન પુરૂ થતુ હોય તેમ દેખાઈ રહયુ છે.

ત્યારે દોઢ વર્ષ પહેલા સાબરકાંઠા માં છુટુ પડેલ નવરતિત અરવલ્લી જિલ્લા ની રચના થઈ હતી ત્યારે હમણાં થોડા સમય પહેલા જ આ વિભાજીત થયેલ અરવલ્લી જીલ્લા પંચાયત ના વિભાજન કરવામાં આવ્યુ હતુ અને અરવલ્લી જિલ્લા પંચાયત ના પ્રમુખ પદ માટે ની ૩ તારીખે જાહેર થવાનુ છે ત્યારે આજ રોજ શિયાળાની કડકડતી ઠંડી માં આજે ગાંધીનગર ખાતે ગુહમંત્રી રજનીભાઈ પટેલની હાજરીમાં કોગ્રેસના જિલ્લા પંચાયતના સદસ્ય છાયાબેન જિતેન્દ્રકુમાર પટેલ ગાબટ જિલ્લા પંચાયત અને રમેશભાઈ પુંજાભાઈ પટેલ તેનપુર જિલ્લા પંચાયતના સદસ્ય આજે ભાજપામાં જોડાતા કોગ્રેસ માં ભુંકપ સર્જાયો હતો.

એક બાજુ આમેય કોગ્રેસમાં અરવલ્લી જિલ્લામાં પહેલાથી જ ઓછા સભ્યો છે અને ભાજપ સભ્યોમાં બહુમતી ધરાવે છે.ત્યારે આજે કોગ્રેસમાં પેટમાં પડતુ વાગ્યુ હોય તેમ આજે બે સભ્યો ભાજપમાં જોડાતા ભુકંપ સર્જાયો હતો.

જયારે અરવલ્લી જીલ્લાના રાજકારણમાં એવી પણ ચર્ચા એ જોર પકડયુ છે અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખની ૩ તારીખે જાહેરાત થવાની હોઈ અને અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખપદનો તાજ મહિલા પ્રમુખના શિરે જવાનો હોઈ ત્યારે પ્રમુખ પદ મેળવવાની લાલચે કોગ્રેસના જિલ્લા પંચાયતના આ બે સદસ્યોમાંથી એક સદસ્ય તો આ માટે જોડાયા છે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચાએ જોર પકડયુ છે.

કોંગ્રેસના બન્ને સદસ્યોની પાણી છુટતા પહેલા પાળ બાંધવાની કવાયત

અરવલ્લી જિલ્લાના રાજકારણમાં આજરોજ કોગ્રેસના બે જિલ્લા પંચાયતના સદસ્યો ભાજપામાં જોડાતા અરવલ્લી જીલ્લાના રાજકારણમાં શિયાળાની કડકડતી ઠંડીમાં ગરમાવો આવી ગયો છે ત્યારે લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે આ બે સદસ્યો ધ્વારા થોડાક મહિનાઓ અગાઉ યોજાએલ લોકસભાની ચુંટણી વખતે પક્ષ વિરોધી કાર્ય કરવાની મોવડી મંડળને ફરીયાદ મળી હતી અને ટુંક સમયમાં જ આ બે સદસ્યો પર પક્ષ ધ્વારા પક્ષ વિરોધી કૃત્ય કરવાની સજા રૂપે કોગ્રેસમાંથી વિલંબીત કરવાની કાર્યવાહી અને ફરીથી જિલ્લા પંચાયતની ટીકીટ નહી આપવાનો નિર્ણય લેવાવાનો હતો તેથી આ બે સદસ્યો ધ્વારા પાણી છુટે તે પહેલા પાળ બાંધવાની કવાયત રૂપે આજે ભાજપમાં જોડાઈ ગયા હતા.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે ગુજરાત સરકારના સને ૨૦૧૫ના વર્ષના કેલેન્ડરનું લોકાર્પણ કર્યું હતું. આ -સંગે માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા અને ન્ટિંગ-સ્ટેશનરી -ભાગના મહાનિર્દેશક શ્રી વી. એમ. રાઠોડ, સંયુકત માહિતી નિયામક શ્રી પુલકભાઈ ત્રિવેદી તથા માહિતી વિભાગના સહયોગી અધિકારીઓ ઉપસ્થિત હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અરવલ્લી જિલ્લાનું શામળાજી વિષ્ણુ મંદિર પ્રખ્યાત યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ છે અને વાયટલ ઈન્ટોલેશનમાં તેની ગણતરી થતી હોઈ, ભવિષ્યમાં કોઈ ત્રાસવાદી હુમલો કે વિસ્ફોટક હુમલાને પહોંચી વળવા અરવલ્લી જિલ્લા પોલીસ વડાશ્રી મયુર ચાવડાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ મોકડ્રીલ આજરોજ યોજવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લા પોલીસની ટીમો જેવી કે, એલ.સી.બી., એસ.ઓ.જી., ક્યુ.આર.,ટી. તેમજ જિલ્લા પોલીસ અધિકારી તથા જવાનોએ ભાગ લીધો હતો અને શામળાજી મંદિર પરિસરમાં શામળાજી વિષ્ણુ મંદિરમાં બોમ્બ અંગે મોકડ્રીલ યોજાઈ હતી અને જિલ્લા વહીવટી તંત્રને સાથે રાખી કામગીરી કરવામાં આવી હતી.

ભાજપ બક્ષીપંચ, કિસાન મોરચાની બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૩૦

પ્રદેશ મિડિયા સેલની યાદી જણાવે છે કે, આજે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડિયા અને કિસાન મોરચાના અધ્યક્ષ બાબુભાઈ જેબલિયાના અધ્યક્ષ સ્થાને મોરચાની પ્રદેશ બેઠકો યોજાઈ હતી. બંને મોરચાની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ મોરચાના સમાજ જીવનના કાર્યને આવશ્યક ગણાવી સંગઠન પર્વમાં મહત્તમ સદસ્યતા માટે મોરચાએ પોત પોતાના કાર્યક્ષેત્રમાં કાર્ય કરવા આહવાન કર્યું હતું. મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાએ જન જન સુધી પહોંચવા બક્ષીપંચ મોરચો અને કિસાન મોરચો કેવી ભૂમિકા ભજવી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઈન્ચાર્જ મનસુખભાઈ માંડવિયાએ ઉપસ્થિત મોરચાના કાર્યકર્તાઓને સંગઠન પર્વમાં મોરચાની સક્રિયતા વધારવાના કાર્યક્રમો અંગે માહિતગાર કર્યા હતા.

ટ્રાફીક ટેકનોલોજી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત રાજયના બે મંત્રીઓ વિજય કૃપાણી અને રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં ટ્રાફીકને લગતા વિવિધ મુદ્દા જેવા કે ટ્રાફીક મેનેજમેન્ટ, ટ્રાફીક એન્ફોર્સમેન્ટ તથા એકસીડન્ટ ઈન્વેસ્ટીગેશનમાં સ્માર્ટ સ્ટ્રેટેજી તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અનુસંધાને દેશ વિદેશના નિષ્ણાંતો દ્વારા તંદુરસ્ત ચર્ચા કરવામાં આવશે. ઈન્સ્ટિટયુટ ઓફ અર્બન ટ્રાન્સપોર્ટ, ઈન્સ્ટીટયુટ ઓફ રોડ ટ્રાફીક એજયુકેશન જેવા પ્રતિષ્ઠિત ઓર્ગેનાઈઝેશન્સ તેમજ પ્રતિષ્ઠિત કંપનીઓ તથા ટ્રાફીક મેનેજમેન્ટ ક્ષેત્રે ફીલ્ડમાં સંનિષ્ઠ કામગીરી કરી હોય તેવા સિનિયર પોલિસ અધિકારીઓ પણ સમીટમાં ભાગ લેનાર છે. ૩૦ જેટલા એકઝીબીટર્સને ટ્રાફીક અંગેની સમસ્યાનું સમાધાન લાવવા માટેનું માન પામવાની તક આ સમીટમાં મળશે. ટ્રાફીક મેનેજમેન્ટ અને રોડ સેફટીનો ગુજરાતમાં અસરકારક અમલ કરી શકાય તે હેતુસર ગુજરાત પોલીસ દ્વારા આ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી માટે રાજ્ય સજ્જ

પ્રવાસી ભારતીય દિવસ જ્ઞાન-કૌશલ્યને રાષ્ટ્રના વિકાસ સાથે જોડવા માટેનો એક વિકાસ ઉત્સવ : સૌરભ પટેલ

ગાંધીનગર, તા.૩૦

મહાત્મા ગાંધીજીએ ૯મી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ દક્ષિણ આફ્રિકાથી પ્રવાસી ભારતીય તરીકે સફર પૂર્ણ કરી ભારતની ધરતી ઉપર પગ મુક્યો અને એ દિવસ દેશના સ્વાતંત્ર ઈતિહાસનો સુવર્ણ દિવસ બની ગયો. આ દિવસની યાદમાં વર્ષ ૨૦૦૩થી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આળે છે. સો વર્ષ પહેલાની આ ઘટનાને ગુજરાત તાદેશ્ય કરશે.

મહાત્મા મંદિર ખાતે આ વર્ષે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય તેરમા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનું યજમાન રાજ્ય બન્યું છે, ત્યારે અતિથિ દેવો ભવઃના સંસ્કારને ઉજાગર કરવા પ્રત્યેક ગુજરાતી થનગની રહ્યા છે અને બિનનિવાસી ભારતીયોના સ્વાગતની પુરેપુરી તૈયારીઓ કરી લીધી છે. તેરમા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની તૈયારીઓ અંગે વિશેષ માહિતી આપતા રાજ્યના નાણા ઉર્જા અને પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય ડાયસ્પોરાના જ્ઞાન કૌશલ્યને રાષ્ટ્રના વિકાસ સાથે જોડવાનો આ વિકાસ ઉત્સવ છે. મંત્રી પટેલે જણાવ્યું હતું કે, ૭થી ૯ જાન્યુઆરી દરમિયાન યોજાનારો આ ઉત્સવ ખરા અર્થમાં મહાઉત્સવ બની રહે તે માટે ગુજરાતમાં ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ૭મી જાન્યુઆરીના રોજ યુથ પીબીડી યોજાશે. જેનું કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ સવારે દસ કલાકે ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન બાદ ભારત કો જાનો અને ભારત કો માનો વિષયક પ્લેનરી સેશન યોજાયા બાદ યુવા સંદર્ભમાં એકવીસમી સદીમાં ગાંધી વિચાર વિશે ચિંતન યોજાશે. આ દિવસે સાંજે પાંચ કલાકે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેનુ પટેલ અને ભારત સરકારના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ વાયબ્રન્ટ ગુજરાત સમિટ અને પ્રવાસી ભારતીય દિવસ ૨૦૧૫ના પ્રદર્શનનું સંયુક્તરીતે ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે નાઉ ઈન્ડિયા પ્રોગ્રામ અંગેના ડેલીગેટ્સને ચાર ગ્રુપમાં વહેંચી પીડીપીયુ, ડીએ-આઈઆઈસીટી, ઈડીઆઈ અને જીએનએલયુ ખાતે મુલાકાત તેમજ ત્યાંના વિદ્યાર્થીઓ સાથે સાંસ્કૃતિક સંવાદ યોજાશે. મંત્રી સૌરભ પટેલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૮મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રવાસી ભારતીય દિવસનું ગુજરાતની આગવી ઓળખ એવા ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે ઉદ્ઘાટન કરશે. સાથે સાથે તેઓ ગુજરાત સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ સમી બનાવાયેલી દાંડી કુટિરનું પણ લોકાર્પણ કરશે. ત્યારબાદ ભારતમાં વિવિધ તકો વિશે પ્લેનરી સેશન યોજશે જેમાં મહત્વ ક્ષેત્રો ઉપર ભાર મુકાશે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલા નનામી ગંગા, સ્માર્ટ સીટીઝ અને શહેરી વિકાસ, કૌશલ્ય વિકાસ અને પ્રવાસન વિકાસ જેવા કાર્યક્રમો સંદર્ભે પણ વિચાર વિમર્શ કરાશે. આ સિવાયના પ્લેનરી સેશનમાં ઈન્ડિયન ડાયસ્પોરાની સિદ્ધિઓ તેમજ સોફ્ટ પાવર ઈન ઈન્ડિયાઝ ગ્લોબલ એન્ગેજમેન્ટ જેવા વિષયો કેન્દ્રમાં રહેશે.

ફાઉન્ટેઈન શો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માણી શકે તેવા આશયથી અડધો અડધો કલાકના બે શો યોજવામાં આવશે. સહેલાણીઓ માટે વોટર શોનુંઆયોજન કરવા ટૂંકમાં સમય નક્કી કરી દેવાશે. જયારે મ્યુઝિકલ ફાઉન્ટેઈનમાં સંગીતની વિવિધ ટયુન ઉપરાંત દેશભકિતના ગીતો સંભળાય તે મુજબની મ્યુઝિકલ ઈફેકટ સેટ કરવામાં આવશે. સહેલાણીઓ માટે આ વોટરબોડી અદમ્ય આર્કષણનું કેન્દ્ર બનશે.

શૌચાલયની સુવિધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તેમજ ગટર વ્યવસ્થાના કામો માટેની મંજુરી આપેલ છે. આ કામોના અસરકારક મોનીટરીંગ માટે પણ તંત્ર દ્વારા નિયમિત રિવ્યુ કરવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં હાલ જે પાંચ હજાર શૌચાલયો નિર્માણાધીન છે તેમાં પ્રગતિ ઘણી સારી છે અને જાન્યુઆરી માસના પ્રથમ પખવાડિયાના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે બાકીના કામો ધીમી ગતિએ શરૂ થઈ રહ્યા છે પરંતુ ફેબ્રુઆરી અને માર્ચમાં આ અંગે સારી ગતિ જોવા મળશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

માર્ચ ૨૦૧૭ સુધીમાં જિલ્લાના તમામ ગામો શૌચાલયની સુવિધા ધરાવતા બનાવવામાં આવશે તેવું અત્યારે નક્કી થયું છે અને તે રીતે ઝુંબેશ ચાલી રહી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ માટે સરપંચો સાથે બેઠકોનો દોર યોજવામાં આવી રહ્યો છે તેમજ દરેક ગામમાં હવે કેટલા આવાસો બાકી છે તેની પણ સમયાંતરે બેઠકો યોજવામાં આવી રહી છે.

શબ્દાવલી - ૫૬૦૩

૧	૨		■	૩	૪		૫
૬		■	■	૭		■	
	■	૮	૯			■	
■	૧૦	■		■	૧૧	૧૨	■
૧૩		૧૪		૧૫	■	૧૬	૧૭
	■		■	૧૮			
	■	૧૯			■	૨૦	
૨૧			■	૨૨		■	

આડી ચાવી

૧. ઉજ્જડ, નિર્જન (૩)
૩. ટાપટીપ, શોખીન (૪)
૬. પત્તુ, પાંદડુ (૨)
૭. મીઠું (૨)
૮. આંકા, કાચ ઉપર લીટા પડે તે (૪)
૧૧. રવિવાર... નો દિવસ (૨)
૧૩. ભોગ વિલાસ, સુખચેન(૫)
૧૬. પ્રેમ, સ્નેહ (૨)
૧૮. આ જગ્યાના શિલ્પો પ્રખ્યાત છે (૪)
૧૯. ... માં તમાકુ ભરીને ઘણા લોકો પીએ છે (૩)
૨૦. તમારું (૨)
૨૧. એક હિન્દી ફિલ્મ (૩)
૨૨. વેલ, વેલો (૨)

ઊભી ચાવી

૧. વ્યાપાર કરનાર (૩)
૨. વગડો, જંગલ (૨)
૩. ખંજવાળ, ચળ (૩)
૪. ખનકાર, ઝનકાર (૪)
૫. એક વાદ્ય (૩)
૯. હિન્દીમાં આશરા, એક ચેનલનું નામ (૩)
૧૦. વાળ, મોવાળા (૨)
૧૧. જાહેરખબર, એલાન (૪)
૧૩. એકઠુ કરેલ (૪)
૧૪. અવલોકન, નિરીક્ષણ (૪)
૧૫. સુંવાળુ રૂચ્છાવાળુ કાપડ(૪)
૧૭. આરોપ (૪)

શબ્દાવલી ૫૬૦૨ના જવાબ

આડી ચાવી :- (૧) અસામાજીક (૩) ત્રાગુ (૫) દ્વિજ (૬) લસણ (૭) આફતાબ (૯) યતીમ (૧૦) વેન (૧૧) રગશીયુ (૧૩) શમણાં (૧૫) જતન (૧૭) કમત (૧૯) ખૂનામરકી

ઊભી ચાવી :- (૧) અદ્વિતીય (૨) સાજ (૩) ત્રાસ (૪) ગુણવાન (૬) લબ (૭) આમરણાંત (૮) તામસી (૧૨) યુજ (૧૩) શકન (૧૪) મજા (૧૬) નર્તકી (૧૮) ફના

યાદગાર વર્ષને અલવિદા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● આડવાણીની ગાંધીનગર બેઠક પર ઉમેદવારી
● એ.ડી.જી.પીની ખોટી સહી કરી પોલીસ ભવનના કલાર્કે પી.આઈ.ની બદલીનો ફેક્સ કરી નાખ્યો
● સે-૨૯ સ્વીમીંગ પુલમાં ડૂબી જતા કિશોરનું કરૂણ મોત
● ગાંધીનગરના જયદીપ ત્રિવેદીને કેનેડામાં બે એવોર્ડથી નવાજ્યા
● ગાંધીનગરમાં ભર ઉનાળે ચોમાસાનો માહોલ જોરદાર પવન સાથે વાવાઝોડુ
● ચિલોડા પાસેથી ૧૧ હજાર કિલો ચંદન પકડાયું

મે

● ગાંધીનગરના મતદારોમાં ભારે ઉત્સાહ
● પ્રસિદ્ધ ગાયક ઓસમાણ મીર ગાંધીનગરમાં
● ગ્રીષ્મોત્સવમાં પ્રસિદ્ધ ગાયિકા સુનિધી ચૌહાણ ગાંધીનગરમાં
● ભાજપનો ભવ્ય વિજય

● આનંદીબેન પટેલ પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા

● આનંદીબેન પટેલ પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા

જૂન

● ગાંધીનગરમાં મહિલા ખેડૂત સંમેલન યોજાયુ
● કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની કુડાસણની મુલાકાત લીધી

જુલાઇ

● અર્બન બેંકમાં વિકાસ પેનલનો વિજય
● ગાંધીનગર-સોમનાથ વોલ્વો બસનો પ્રારંભ
● શહેરમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટનો પ્રારંભ
● ગાંધીનગર શહેરમાં પાંચ ટી.પી. સ્કીમો મંજૂર

ઓગસ્ટ

● નગરની સુવર્ણ જયંતિને વધાવવા મધરાતે ઘંટનાદ
● ગાંધીનગરનો ૫૦મો સ્થાપના દિન ઉજવાયો
● ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણી માટે પાયલોટ પ્રોજેક્ટ
● ગાંધીનગરના બે શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ
● ગાંધીનગરમાં સાયકલ શેરીંગ પ્રોજેક્ટને મંજૂરી

સપ્ટેમ્બર

● ગાંધીનગર પદયાત્રીઓની સેવાથી મહેક્યું.
● ગણેશ વિસર્જન! ભાટ પાસે નદીમાં પાંચ ડૂબ્યા
● શહેરમાં કમોસમી વરસાદ : ૪ ઈંચ ખાબક્યો
● ગાંધીનગરમાં ત્રણ દિવસ માટે હાઈ એલર્ટ
● વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૬૪મા જન્મદિવસે માતાના આશીર્વાદ લીધા
● જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં પનઘટ બિનહરીફ
● મનપાને ૩૧ કરોડ અને ગુડાને ૮ કરોડની સહાય

ઓક્ટોબર

● ગાંધીનગરના જાણીતા વેપારી બંસીલાલ સુખડીયાનું નિધન
● બૉલીવુડ સ્ટાર શાહરૂખ ખાન હેપ્પી ન્યુયરની ટીમ સાથે ગાંધીનગરમાં
● ગાંધીનગરની પારૂલ પરમારે ઈચિંયોન રમતોત્સવમાં ઈતિહાસ સર્જ્યો,

સ્મૃતિ ઈરાનીએ કુડાસણની શાળાની મુલાકાત લીધી

એક ગોલ્ડ, બે સિલ્વર મેડલ જીત્યા
● રાજયના મુખ્ય સચિવ પદે ડી.જે. પાંડીયન

નવેમ્બર

● ૨ન ફોર યુનિટીમાં ૨૫૦૦ ગાંધીનગરા જોડાયા
● અડાલજમાં ગુડાની નવી આવાસ યોજના
● એક જ દિવસમાં ડેન્ગ્યુનાં પાંચ કેસ
● કોર્ટ સંકુલ પાસેથી ખૂનનો આરોપી ફરાર
● ગ્રીન ટોયલેટ લોંચ કરાયા
● સિનિયર સિટીઝન કાઉન્સિલના સ્થાપક પ્રમુખ ગીજુભાઈ ત્રિવેદીનું નિધન

ડિસેમ્બર

● મેટ્રો ટ્રેન પ્રોજેક્ટમાં ૨.૬૨ કરોડનું કૌભાંડ
● અભિનેતા અમિતાભ બચ્ચન મુખ્યમંત્રી આનંદીબેન પટેલની મુલાકાત લીધી
● વાઈબ્રન્ટમાં નેત્ર દ્વારા હવાઈ સુરક્ષા
● ગાંધીનગર સંત સંમેલનમાં કેન્દ્રીય મંત્રી નિરંજન જયોતિની હાજરી
● વાઈબ્રન્ટમાં બિલ ગેટ્સ ગાંધીનગરના મહેમાન બનશે
● જાણીતા ગાંધીવાદી ચુનીલાલ વૈદ્યનું નિધન
● સચિવાલય વાઈ-ફાઈ ઝોન બન્યુ

રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના
પાણી સમિતિ - આંબેથા, તાલુકો - પાલનપુર

આંબેથા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ, આંબોથા દ્વારા તા. ૫/૧/૨૦૧૫ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૨/૧/૨૦૧૫ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ - અંબોથા, તાલુકો - પાલનપુરને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી/યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

અ. નં.	કામનું નામ	૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી
૧	અંબોથા, તાલુકો : પાલનપુર સ્વજલધારા યોજના હેઠળ પંપ રૂમનું કામ	૧) રૂ. ૮૬,૧૮૩.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર
૨	અંબોથા, તાલુકો : પાલનપુર સ્વજલધારા યોજના હેઠળ ભૂગર્ભ સંપનું સામ	૧) રૂ. ૪,૯૦,૦૦૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર
૩	અંબોથા, તાલુકો : પાલનપુર સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈન, હવાડો, અને પંપીંગ મશીનરીનું કામ	૧) રૂ. ૪,૪૬,૧૫૬.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર

ક્રમાંક : નામાનિ/પાલન/૪૪૬/૨૦૧૪-૧૫